# ભેટ વિતરણ માટે માલ સપ્લાય માટેની સામાન્ય શરતો

(૧) સપ્લાયરે માલ રાજકોટની હેડઓફિસમાં જરૂરિયાત મુજબ સપ્લાય કરવાનો રહેશે તેમજ સંપૂર્ણ માલની ડીલીવરી ૩ માસમાં નક્કી કરેલ શેડ્યુલ મુજબ કરવાની રહેશે.

(૨) સપ્લાયરે તેની પ્રોફાઈલ અને અન્ય સંસ્થાને માલ પૂરો પાડેલ હોય તેની વિગત તેમજ ટર્નઓવરના આધાર પુરાવા તેમજ પ્રોડક્શન કેપેસીટી ભાવ સાથે રજુ રાખવી.

(૩) બેંકની જરૂરિયાત પ્રમાણેના સ્ટાન્ડર્ડ પેકિંગ સાથેના ભાવ આપવાના રહેશે.

(૪) બેંકનો લોગો તથા નામ પ્રોડક્ટની બોર્ડર પર વણાટ કરવાનો રહેશે.

(૫) આ પ્રક્રિયાના અનુસંધાને આવેલ સપ્લાયર દ્વારા આપેલ ભાવો પૈકી કોઈપણ ઓફર મંજુર કે નામંજુર કરવી તે નક્કી કરવાનો સંપૂર્ણ હક્ક/સત્તા બેંકને સ્વાધીન છે.

(૬) સપ્લાયરને લાગુ પડતા તમામ કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) બેંકને જરૂરી લાગશે તો ફેક્ટરી વિઝીટ કરાવવાની રહેશે.

(૮) સપ્લાયર નિયત સમયમાં પૂર્વ નિર્ધારિત શેડયુલ મુજબ માલ સપ્લાય કરવામાં નિષ્ફળ જશે તો પ્રતિ ઓર્ડર પ્રતિદિન રૂ. ૧૦૦૦૦૦/- ની પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

(૯) સપ્લાયરે તેમની પેઢી/કંપનીનાં PAN/TAN/GST રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની અને GST રીટર્નની નકલ બેંકમાં રજુ કરવાની રહેશે.

(૧૦) સપ્લાયર દ્વારા માલ સપ્લાય કરવાના કોન્ટ્રાકટની કોઈપણ કામગીરીનો પેટા કોન્ટ્રાકટ બેંકની પૂર્વમંજુરી વગર આપી શકશે નહી કે કોન્ટ્રાકટર બેંકની પૂર્વ લેખિત મંજુરી વગર આ કોન્ટ્રાકટ ટ્રાન્સફર કે એસાઈન કરી શકશે નહી.

(૧૧) સપ્લાયર દ્વારા માલ સપ્લાય કરવાના કોન્ટ્રાકટનાં સમય દરમ્યાન સપ્લાયર આ કરારની કોઈપણ શરતનો ભંગ કરશે તો બેંક તાત્કાલિક આ કોન્ટ્રાકટ કોઈપણ નોટીસ, કારણ કે વળતર આપ્યા વગર રદ કરી શકશે. તેમજ આ અંગે બેંકને કોઈ નુકશાન થયેલ હશે તો બેંક સપ્લાયરની ડીપોઝીટ/બિલમાંથી તેમજ અન્ય રીતે વસુલાત કરી શકશે.

(૧૨) બેંકનાં મેનેજમેન્ટ તરફથી આપવામાં આવતી દરેક સુચના તેમજ આદેશનું સપ્લાયરે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) અન્ય શરતો દર્શાવશો (જો હોય તો)

ઉપરોક્ત વિગત સાથેના સંપૂર્ણ ભાવ દીવસ -૧૦ માં સી.એમ. (એચ.આર.), ૪થો માળ, ‘અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય’, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટને આપવા. વધુ માહિતી માટે www.rnsbindia.com અથવા 9374100071 અથવા email: bhaveshrajdev@rnsbindia.com પર સંપર્ક કરવો.